# અલ્ફીનો દીકરો - પ્રેષિત યાકોબ
## ફાધર વગીર્સ પૉલ

ઈસુએ પસંદ કરેલા બાર શિષ્યોમાં બે યાકોબ છે : ઝબદીનો દીકરો યાકોબ અને અલ્ફીનો દીકરો યાકોબ. નવા કરારમાં અલ્ફીનો દીકરો યાકોબનું નામ માથ્થી, માર્ક અને લૂકે આપેલા બાર પ્રેષિતોની યાદીમાં આવે છે. (માથ્થી ૧૦, ૩; માર્ક ૩, ૧૮; લૂક ૬,૧૫). એ જ રીતે લૂકકૃત પ્રેષિતોનાં ચરીતોમાં પણ બીજા દસ પ્રેષિતોના નામ સાથે અલ્ફીનો દીકરો યાકોબનું નામ છે.

બાર પ્રેષિતોમાં ઝબદીનો દીકરો યાકોબ અને અલ્ફીનો દીકરો યાકોબ એમ બે યાકોબ હોવાથી પ્રેષિતોની ચારેય યાદીમાં આ બીજા યાકોબને હમેશાં અલ્ફીનો દીકરો યાકોબ તરીકે અલગ પાડવામાં આવ્યા છે.

'યાકોબ'ના નામે નવા કરારમાં છ વ્યકિતઓ છે. એક, ઝબદીનો દીકરો અને પ્રેષિત યાકોબ; બે, અલ્ફીનો દીકરો અને પ્રેષિત યાકોબ; ત્રણ, કલોપાનો દીકરો યાકોબ. (યોહાનકૃત શુભસંદેશમાં કલોપાની વહુ મરિયમની વાત છે. "એ વખતે ઈસુના ક્રૂસ પાસે તેમનાં મા, માસી, કલોપાની વહુ મરિયમ, અને મગ્દલાની મરિયમ સાથે ઊભાં હતાં" (યોહાન ૧૯, ૨૫). માથ્થી અને માર્કકૃત શુભસંદેશમાં આ યાકોબની માતાને "યાકોબ અને યોસેફની મા મરિયમ" તરીકે ઓળખાવે છે. (માથ્થી ૨૭, ૫૬; માર્ક ૧૫, ૪૦). પણ લૂકે એમને ફકત 'યાકોબની મા મરિયમ' કહ્યું છે (લૂક ૨૩, ૧૦).

ચારેય શુભસંદેશના ઉલ્લેખને ધ્યાનમાં લઇને યાકોબને કલોપાના દીકરા તરીકે ઓળખવામાં આવે છે. ચાર, પ્રેષિત યહૂદાનો બાપ યાકોબ (લૂક ૬, ૧૬; પ્રે.ચ.૧,૧૩). પાંચ, ઈસુના ભાઇ કે ધર્મબંધુ યાકોબ (માથ્થી૧૩, ૫૫; માર્ક ૬, ૩; પ્રે. ચ. ૧૨, ૧૭) અને છ, યાકોબના પત્રનો લેખક યાકોબ. યાકોબના પત્રના લેખક વિશે બાઇબલના પંડિતોમાં મતમતાંતરો પ્રવતેર્ છે. કેટલાક માને છે કે, યાકોબના પત્રનો લેખક 'ઈસુના ભાઇ' યાકોબ છે (માથ્થી ૧૩, ૫૫). જે પાછળથી યરુશાલેમ ધર્મસંઘમાં અગણી બની રહ્યા હતા (પ્રે.ચ. ૧૨,૧૭) તે યાકોબ છે. પરંતુ આ અંગે આજે પણ બાઇબલના નિષ્ણાતોમાં એકમત નથી.

આપણે ભલે પ્રેષિત યાકોબ વિશે ચોક્કસપણે ખાસ કશુંય જાણતા નથી. પરંતુ આપણે ચોક્કસપણે જાણીએ છીએ કે ઈસુએ પોતાના બાર પ્રેષિતોમાંના એક તરીકે યાકોબને પસંદ કર્યોર્ હતો. તેઓ ઈસુ સાથે ત્રણ-ત્રણ વર્ષ રહ્યા હતા. ઈસુના પુનરુત્થાન પછી યાકોબ બીજા પ્રેષિતોની જેમ ઈસુની અને એમના સંદેશની ઘોષણા કરવામાં અને પ્રેષિતક્ષેત્રે ધર્મસંઘો સ્થાપવામાં મોખરે રહ્યા હશે.

એટલે આપણે પરમપૂજાની એક આભારસ્તોત્રની પ્રાર્થનામાં બાર પ્રેષિતો વિશે એકરાર કરીએ છીએ કે, "તમારા પ્રેષિતો પર તમે તમારી ધર્મસભાનો પાયો નાખ્યો, જેથી, તે અડગ અને અવિચલ રહીને સમગ માનવજાત આગળ તમારી પવિત્રતાનો પ્રત્યક્ષ નમૂનો બની રહે ને દુનિયાના ખૂણે ખૂણે તમારા શુભસંદેશની ઘોષણા કરતી રહે."

બાઇબલના કેટલાક પંડિતો માને છે કે પ્રેષિત અને અલ્ફીનો દીકરો યાકોબ અને યાકોબના પત્રનો લેખક અને યરુશાલેમના ધર્માધ્યક્ષ બનેલા યાકોબ તથા ઈસુના ભાઇ તરીકે ઉલ્લેખ પામેલા યાકોબ - બધી અલગ અલગ વ્યકિતઓ નથી પણ એકનો એક જ યાકોબ છે.